# મે. સુરતના જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ (પ્રથમ કોર્ટ) સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નંબર ૯૧૯૪ સને ૨૦૨૨,**

**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિરુદધ

આરોપીઃ – (૧) નીરજ મહેન્દ્ર પટેલ (૨) સાજન ઉતમ સુર્યવંશી

(૩) સાવીર અબ્દુલ શેઠ (૪) કૃણાલ જયેશભાઈ પટેલ

(૫) કેતનકુમાર જુવાનસીંગ પરમાર (૬) જાફર અલીભાઈ સૈયદ

(૭) વિજય વિનય ખટીક (૮) સાહીલ નીહાલ ખાન

ગુનોઃ – જુગારધારા કલમ – ૧૨ મુજબ

**// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીઓએ બનાવ સ્થળે જુગાર રમતા ઝડપાઇ જઇ આરોપીઓએ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબનો ગુનો કરેલ છે.

2. આરોપી સ્પે.લોક અદાલત સમન્સ મોકલવામાં આવેલ છે જે પો.સ્ટે. દ્રારા બજવણી કરી અત્રેની અદાલતમાં દંડની રકમ સહીત સંબંધિત પો.સ્ટે. ના ત.ક. અમલદાર દ્રારા જમા કરાવેલ છે જે ને રેકર્ડ કરી, આરોપીની ઉપરોક્ત સંજોગો,ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**// હુકમ //**

1. આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. દરેક આરોપી ને રૂ૦ ૧૦૦/– (અંકે રુપીયા એકસો પુરા) કુલ રૂ. ૮૦૦/– (અંકે રૂપીયા આઠસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. અન્ય આરોપીઓ સામેના કેસ બાકી ન હોય તો સદરહુ કામે આરોપીઓએ પુરસીસથી અંગ જડતીના નાણા તેમજ દાવ ઉપરના નાણા અંગે નો કલેઈમ પુરસીસ આપેલ હોય જેથી મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અંગ જડતીના નાણા તથા દાવ ઉપરના નાણા સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ મોબાઇલ માલીકીની ખરાઇ કરી ખરા માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩ ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૧૩–૦૮–૨૦૨૨**

**સુરત.**

**(એ.એમ.મેહતા)**
**જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**(પ્રથમ કોર્ટ), સુરત**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૨૧**